

નવસારી કલેક્ટર રેમ્યા મોહનની વલસાડ ખાતે બદલી થતાં

# ચીખલી ચિલ્ડ્રન હોમના બાળકોએ આપેલી ભાવભિની વિદાય



## નવસારી કલેક્ટર રેમ્યા મોહને ફરજનો આખરી દિવસ અનાથ બાળકો સાથે વિતાવ્યો

નવસારી તા. ૯

નવસારી જિલ્લા કલેક્ટર રેમ્યા મોહનની વલસાડ કલેક્ટર તરીકે બદલી થતાં, તેઓએ નવસારી જિલ્લામાં ફરજનો આખરી દિવસ ચીખલી ખુંધ ખાતે આવેલા ચિલ્ડ્રન હોમના બાળકો સાથે વિતાવ્યો હતો. નવસારી ખાતેની કલેક્ટર તરીકેની તેમની ફરજ દરમિયાન વહીવટી તંત્ર એક ટીમ તરીકેની કામગીરીના કારણે રાજ્યભરમાં કામગીરીની દષ્ટિએ અગ્રેસર રહયું હતું.

નવસારી કલેક્ટર તરીકેની સફળતાઓ કહો, સંવેદના કહો કે ઝીંદાદિલી કહો, બાળકો પ્રત્યેની સંવેદનાએ નવસારી જિલ્લાના અતિકુપોષિત બાળકો માટે નવો આયામ આપ્યો અને શરૂ થયો સંવેદના પ્રોજેક્ટ. અતિકુપોષિત બાળકો માટે નવસારી જિલ્લા અધિકારીઓની ટીમે સંવેદના પ્રોજેક્ટને સફળતા અપાવવા આપમેળે ઝુંબેશ ઉપાડી. વાંસદા તાલુકાના અતિકુપોષિત ૧૫૬ બાળકો પૈકી ૧૫૩ બાળકો કુપોષણમુક્ત બન્યા.

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે રાજ્યના અધિકારીઓની યોજાયેલી ચિંતન શિબિરમાં સંવેદના પ્રોજેક્ટની સરાહના કરી, નવસારી ટીમને અભિનંદન પણ આપ્યા હતા. જેનો શ્રેય નવસારી જિલ્લાના વહીવટી તંત્રના ફાળે જાય છે.

કલેક્ટર રેમ્યા મોહનના બાળકો પ્રત્યેની સંવેદનાના કારણે ખુંધ ચિલ્ડ્રન હોમના બાળકો હંમેશા તેમને યાદ કરતા રહેશે. અનાથ બાળકોને તમામ પ્રકારની સહાય મળી રહે તે માટેના તેમના સદાય પ્રયત્નો રહયા હતા. જેના

(અનુ પાના ૨ પર)


ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ
ખૂંધ, તા. ચીખલી, જિ. નવસારી.
સૂચના

